આણંદમાં લાંબા વિરામ બાદ મેઘરાજાનું પુનરાગમન

ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી; બળી રહેલા ડાંગરના ધરુવાડિયાને નવજીવન મળ્યું

નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન પ્રભાવિત

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૧

સમગ્ર આણંદ જિલ્લામાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ ફરી એકવાર જોરદાર એન્ટ્રી કરતાં લોકોને ઉકળાટ અને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી છે. છેલ્લા કેટલાક દિવસોથી ભારે બફારો અને અસહ્ય ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જોકે મંગળવારે બપોર બાદ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થતાં વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદી માહોલને કારણે શહેરો અને ગામડાંઓમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

લાંબા સમય બાદ વરસેલા વરસાદને કારણે બાળકો અને યુવાનો માટે આનંદનો અવસર મળ્યો હતો. અનેક બાળકો ઘરની બહાર નીકળી વરસાદમાં ભીંજાઈ રમતાં નજરે પડ્યા હતા. જાહેર માર્ગો પર પણ વરસાદી માહોલનો આનંદ માણતા લોકોનું દૃશ્ય જોવા મળ્યું હતું. બીજી તરફ ઠંડક પ્રસરી જતાં બજારોમાં પણ ફરી ચહલપહલ જોવા મળી હતી.

જોકે વરસાદ સાથે જ નગરપાલિકા અને ગ્રામ પંચાયતોની વરસાદી પૂર્વ તૈયારીની પોલ પણ ખુલ્લી પડી હતી. અનેક શહેરો અને ગામોના જાહેર માર્ગો પર વરસાદી પાણી ભરાઈ જતાં

વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા ન હોવાથી અનેક સ્થળોએ વાહનો ધીમે ધીમે પસાર થતા જોવા મળ્યા હતા, જ્યારે રાહદારીઓને પણ ભારે હાલાકી વેઠવી પડી હતી.

ખેતીની દૃષ્ટિએ આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. લાંબા વરસાદી વિરામ અને સતત ગરમીના કારણે ડાંગરના ધરુવાડિયા સૂકાવા લાગ્યા હતા. અનેક ખેડૂતોને ધરુવાડિયા બળી જવાની ચિંતા સતાવી રહી હતી. પરંતુ મેઘરાજાની મહેરબાનીથી ખેતરોમાં ફરી ભેજનું પ્રમાણ વધ્યું છે અને સૂકાઈ રહેલા ધરુવાડિયાને નવજીવન મળવાની આશા જાગી છે. વરસાદ બાદ ખેડૂતોમાં નવી આશા અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

હવામાનમાં આવેલા આ બદલાવથી સામાન્ય નાગરિકો તેમજ ખેડૂતોને રાહત મળી છે. જોકે વરસાદી પાણીના નિકાલની સમસ્યા અને નિચાણવાળા વિસ્તારોમાં સર્જાતી પરેશાનીઓનો કાયમી ઉકેલ લાવવા સ્થાનિક તંત્રે અસરકારક આયોજન કરવાની જરૂરિયાત ફરી એકવાર ઉજાગર થઈ છે. બીજી તરફ ખેડૂતો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે કે આગામી દિવસોમાં પણ નિયમિત વરસાદ ચાલુ રહેશે તો ખરીફ પાકને પૂરતો લાભ મળશે .

આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ ભારે વરસાદની શક્યતા

૨૨થી ૨૬ જુલાઈ દરમિયાન ૩૫થી ૭૫ મિ.મી. વરસાદની આગાહી

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૧

આણંદ જિલ્લામાં આગામી ૨૨થી ૨૬ જુલાઈ દરમિયાન હળવાથી મધ્યમ તથા કેટલાક વિસ્તારોમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા હવામાન દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. પાંચ દિવસ દરમિયાન ૩૫થી ૭૫ મિ.મી. સુધી વરસાદ નોંધાઈ શકે છે. મહત્તમ તાપમાન ૩૩થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની શક્યતા છે, જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૫૫થી ૯૦ ટકા સુધી રહેવાની આગાહી કરવામાં આવી છે.

હવામાનની આ સ્થિતિને ધ્યાનમાં રાખી કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને ઉભા પાકમાં વરસાદ દરમિયાન રસાયણિક દવાઓ અને ખાતરોનો છંટકાવ ટાળવા, ખેતરોમાં વધારાના પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા તેમજ વરસાદ બાદ પારવણી, ખાલા પૂરવા અને આંતરખેડ જેવા ખેતીકામ હાથ ધરવાની સલાહ આપી છે. ખાસ કરીને કેળ, ડાંગર, કપાસ અને શાકભાજીના પાકને પવનથી નુકસાન ન થાય તે માટે ટેકો આપવાની ભલામણ કરવામાં આવી છે.

લાંબા વિરામ બાદ સક્રિય થયેલું ચોમાસું હાલના તબક્કે ખરીફ પાકો માટે આશીર્વાદરૂપ બની શકે છે. પરંતુ હવામાન આધારિત વૈજ્ઞાનિક સલાહનું પાલન કરવું પણ એટલું જ જરૂરી બન્યું છે. સમયસર યોગ્ય વ્યવસ્થાપન અપનાવવામાં આવે તો પાક ઉત્પાદન વધારવાની સાથે આર્થિક નુકસાન પણ ટાળી શકાય તેમ કૃષિ નિષ્ણાતોનું માનવું છે.

આણંદ:જ્ઞાનસહાયકોને નિમણૂંક પત્રો અપાયા

ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી બાદ શાળા ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૧

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) યોજના" અંતર્ગત કરાર આધારિત જગ્યાઓ ભરવા માટેની પ્રથમ રાઉન્ડની કામગીરી અંતર્ગત ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફિકેશન (પ્રમાણપત્ર ચકાસણી) અને શાળા ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયાના અંતે શાળા વાઇઝ ફાળવવામાં આવેલ જગ્યાઓ તેમજ બાકી રહેલી ખાલી જગ્યાઓની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી છે.

જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી કામેનીબેન ત્રિવેદીના સીધા માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કામગીરી પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી. માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયકની કુલ ૧૯૯ જગ્યાઓમાંથી ૧૩૧ જગ્યાઓ ભરાઈ છે, જ્યારે ૬૮ જગ્યાઓ હાલ ખાલી રહી છે. તદઉપરાંત, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કુલ ૨૪૬ જગ્યાઓ સામે ૭૯ જગ્યાઓ ભરાઈ છે અને ૧૬૭ જગ્યાઓ ખાલી રહી છે.

શાળા ફાળવણી મેળવનાર તમામ ઉમેદવારોને નિયત સમયમર્યાદામાં સંબંધિત શાળામાં હાજર થવા માટે જણાવવામાં આવ્યું છે. પ્રથમ રાઉન્ડના અંતે ખાલી રહેલી જગ્યાઓ આગામી ટૂંક સમયમાં ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

નવા નક્કોર પુલનું આયુષ્ય જોખમાયું | એક બાજુ ડામરનું કામ ચાલુ ને બીજી બાજુ વાહનોની દોડધામ

મહુધાના અરડી પાસે શેઢી નદીના બ્રિજ નિર્માણમાં ઘોર 'લાલિયાવાડી'

'લોકો રોકાતા નથી' કહી અધિકારીઓએ જવાબદારીમાંથી હાથ ઊંચા કર્યા

(પ્રતિનિધિ) મહુધા તા.20

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના અરડી ગામ નજીક શેઢી નદી પર બની રહેલા નવા બ્રિજની કામગીરીમાં ગંભીર બેદરકારી સામે આવી છે. વિકાસના કામોમાં ગુણવત્તા જાળવવાને બદલે અહીં નિયમોને નેવે મૂકીને કામગીરી કરવામાં આવી રહી હોવાનું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. નવા બની રહેલા બ્રિજ પર એક તરફ હજુ કામગીરી ચાલુ છે અને બીજી

તરફ વાહનોની અવરજવર પણ ધમધમી રહી છે, જેના કારણે રોડની ટકાઉશક્તિ સામે મોટા સવાલો ઉભા થયા છે.

સામાન્ય રીતે માર્ગ નિર્માણની કામગીરીમાં રોડને સુકાવા માટે ચોક્કસ સમય આપવો અનિવાર્ય હોય છે. જો તેને પૂરતો સમય ન આપવામાં આવે અને વાહનો ચાલુ કરી દેવાય, તો રોડ સમતળ રહેવાને બદલે ખાડા-ટેકરા વાળો બની જતો હોય છે. આ બ્રિજ પર પણ એક તરફ મશીનરી ચાલી રહી છે અને બીજી તરફ એ જ માર્ગ પર વાહનો પસાર થઈ રહ્યા છે, જેના કારણે ભવિષ્યમાં આ બ્રિજ વહેલા તૂટી જવાની પૂરેપૂરી શક્યતા છે. આ ગંભીર બેદરકારી અંગે ડાકોર માર્ગ અને મકાન વિભાગના અધિકારી મહેન્દ્રસિંહ ઝાલાનો સંપર્ક સાધતા તેમણે અજીબ બચાવ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 'લોકો વાહનો રોકતા નથી', જે જવાબ અત્યંત બિનજવાબદાર ગણાઈ રહ્યો છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે જો અધિકારીઓ સક્રિય હોય તો કામગીરી દરમિયાન ટ્રાફિકનું નિયમન કેમ ન કરી શકાય? જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ માત્ર એસી ઓફિસમાં બેસીને સત્તા ભોગવતા હોય અને પ્રજાના પૈસાનો વેડફાટ થતો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

તપાસની ઉગ્ર માંગ: ભ્રષ્ટાચારની આશંકા

ખેડા જિલ્લામાં ઠેર-ઠેર રોડની બિસ્માર હાલત અને અકસ્માતોના ભય વચ્ચે આ નવા બ્રિજની કામગીરીમાં પણ લાલિયાવાડી જોવા મળતા લોકોમાં રોષ છે. સ્થાનિક લોકો આ મામલે યોગ્ય તપાસની માંગ કરી રહ્યા છે. જો આ બ્રિજની કામગીરીમાં સંકળાયેલી એજન્સીઓ અને જવાબદાર અધિકારીઓની નિષ્પક્ષ તપાસ થાય, તો મોટું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા નકારી શકાતી નથી.

બોરસદની સંતાન વિહોણી પરિણીતાને સાસરિયાનો ત્રાસ

નડિયાદમાં રહેતા પતિ સહિત પાંચ સાસરિયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૧

આણંદ જિલ્લાના બોરસદ શહેરની ૨૭ વર્ષીય યુવતી કરીશ્માબેનને નડિયાદમાં સાસરી પક્ષ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી પિયર કાઢી મૂકવાનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. બોરસદ શહેર પોલીસ મથકમાં પતિ સહિત સાસરિયાના પાંચ સભ્યો વિરુદ્ધ પરણિતાએ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, બોરસદના ભોભાફળી વિસ્તારમાં રહેતા કરીશ્માબેનના લગ્ન વર્ષ ૨૦૨૧માં નડિયાદની ચીસ્તીયા રેસીડેન્સીમાં રહેતા સુબ્હાન મહંમદભાઈ વ્હોરા સાથે થયા હતા. લગ્ન બાદ દોઢ વર્ષ સુધી સંતાન ન થતા પતિ સુબ્હાન, સાસુ નફીસાબેન અને અન્ય સાસરિયાઓએ કરીશ્માબેનને મહેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આ ઉપરાંત સાસરિયાએ કરીશ્માબેન પર પિયરમાંથી ૨ લાખ રૂપિયા રોકડા લાવવા માટે દબાણ કરી મારઝૂડ કરી હતી. આ ઉપરાંત, સાસુના કહેવાથી કરીશ્માબેનના સોનાના દાગીના નણંદ નિશાબેનના ઘરે મુકાવ્યા બાદ તે દાગીના ગુમ કરી દઈ પાછા આપ્યા ન હતા. અંતે, સાસરિયાઓએ સતત ઝઘડો કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપીને પરિણીતાને ઘરની બહાર કાઢી મૂકી હતી. કરીશ્માબેને આ અંગે બોરસદ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ તેજ કરી છે.

આશીર્વાદ આપવાને દાગીના પવિત્ર કરવાના બહાને છેતરપીંડી કરાઈ

નડીયાદમાં ધૂતારાઓ રૂ.૧.૩૦ લાખથી વધુની મત્તા લઈ ફરાર

અઢી તોલાના સોનાના દાગીના લઈ અજાણ્યા શખ્સો રફુચક્કર

(પ્રતિનિધિ) નડીયાદ, તા.૨૧

નડિયાદ નજીક આવેલા મંજીપુરા રીંગ રોડ પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કપડવંજ રોડ પર આવેલી શુભલક્ષ્મી સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય મહિલા પોતાના દિયર સાથે ચાલતા પુત્રના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન રોડ પર ઉભેલી એક કારના ચાલકે તેઓને રોકીને ભુતનાથ મંદિરનો રસ્તો પૂછ્યો હતો. મહિલાએ રસ્તો બતાવતા કારમાં બેઠેલા શખ્સોએ તેઓને આશીર્વાદ લેવા નજીક બોલાવ્યા હતા.

કારમાં ડ્રાઈવરની બાજુમાં બેઠેલા એક સાધુ જેવા વેશધારી વ્યક્તિએ આખા શરીરે રાખ લગાવેલી હતી. આ વ્યક્તિએ મહિલા અને તેમના દિયરને હાથમાં ૫૦૦ રૂપિયાની નોટો આપીને પોતાના વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ઘરમાં ખુશાલી આવશે અને તમે ખૂબ ભાગ્યશાળી છો તેવી વાતો કરીને મહિલાને ભ્રમમાં નાખી દીધા હતા. આ પછી સાધુએ પહેરેલા દાગીના પવિત્ર કરી આપવાનો દાવો કર્યો હતો. મહિલા આ શખ્સોની વાતોમાં આવી જતાં તેમણે પોતાના ગળામાં પહેરેલી સોનાની ચેન, મંગળસૂત્ર, કાનની બુટ્ટીઓ અને હાથની વીંટી મળીને કુલ અઢી તોલા જેટલા સોનાના દાગીના ઉતારીને આપી દીધા હતા. આ દાગીના મેળવી લીધા બાદ બંને શખ્સો ગાડી લઈને સ્થળ પરથી તાત્કાલિક ફરાર થઈ ગયા હતા. છેતરપિંડીનો ભોગ બનેલા મહિલાએ આ અંગે પરિવારજનોને જાણ કરી હતી.

આ બનાવ અંગે નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આશરે ૧.૩૦ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીનાની ઠગાઈ આચરનાર અજાણ્યા કાર ચાલક અને નાગા બાવા વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા આ વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચકાસીને આરોપીઓને પકડી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આણંદમાં ગ્લૂ ટ્રેપ વેચતા ૭ વેપારી સામે કાર્યવાહી કરાઈ

પોલીસે ૭૭ સ્થળોએ તપાસ કરી ૩૭૪ ગ્લૂ ટ્રેપ જપ્ત કર્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

આણંદ જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા નિવારવા અને ગુજરાત હાઈકોર્ટના આદેશોનું અક્ષરશઃ પાલન કરવા માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા 'ગ્લૂ ટ્રેપ' (ઉંદર પકડવાની ચીકણી જાળી) વિરુદ્ધ કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

આણંદ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી દ્વારા જીવદયા અને પ્રાણી સુરક્ષાના કાયદાઓના ચુસ્ત પાલન માટે વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પોલીસની વિવિધ ટીમોએ જિલ્લાના બજારો, પેટશોપ, હાર્ડવેર સ્ટોર્સ અને ઓનલાઇન વિક્રેતાઓના કુલ ૭૭ જેટલા શંકાસ્પદ સ્થળો પર આકસ્મિક દરોડા પાડ્યા હતા.

આ તપાસ દરમિયાન પ્રતિબંધ હોવા છતાં ગ્લૂ ટ્રેપનું વેચાણ કે સંગ્રહ કરતા ૭ એકમો મળી આવ્યા હતા. આ કાર્યવાહીમાં પોલીસે કુલ ૩૭૪ નંગ ગ્લૂ ટ્રેપ જપ્ત કર્યા છે અને જવાબદાર વેપારીઓ વિરુદ્ધ BNS-૨૨૩ તથા BNSS-૧૬૩ હેઠળ ૭ ગુનાઓ (FIR) નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલી પીઆઈએલ (PIL) ના સંદર્ભમાં તેના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર રાજ્યવ્યાપી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આથી, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે જો કોઈ પણ નાગરિક કે વેપારી પ્રતિબંધિત ગ્લૂ ટ્રેપના વેચાણ કે ઉપયોગમાં સંડોવાયેલા જણાશે, તો તેમની સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

આણંદ જિલ્લામાં જન્મ - મરણ દાખલા માટે અરજદારોને હાલાકી

દાખલામાં સુધારા- વધારા તથા નવા પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા વધુ જટિલ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૧

કેન્દ્ર સરકારના સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) પોર્ટલ મારફતે વર્ષ ૨૦૧૫ પહેલાંના જન્મ અને મરણના દાખલામાં સુધારા-વધારા તથા પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા વધુ જટિલ બનતાં અરજદારો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

આણંદ જિલ્લામાં જન્મ મરણ દાખલા પ્રમાણિત કરવા માટે એકમાત્ર અધિકૃત જિલ્લા આરોગ્ય કચેરી (CDHO) ખાતે જીલ્લા ભરમાંથી ઓનલાઈન અરજીઓ રોજબરોજ આવે છે. જે ઘણા બધા દિવસો સુધી પેન્ડિંગ રહેતી હોવાથી અરજદારોને ઘણા બધા દિવસો સુધી રાહ જોવાનો વારો આવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ CRS પોર્ટલ અમલમાં આવ્યા બાદ વર્ષ 2015 પહેલાંના જન્મના દાખલામાં કોઈપણ સુધારો કે નવું પ્રમાણપત્ર મેળવવા માટે જિલ્લા રજિસ્ટ્રાર એવા જિલ્લા આરોગ્ય અધિકારીની ઓનલાઈન ચકાસણી અને મંજૂરી ફરજિયાત બની છે. પરિણામે આણંદ જિલ્લાની ૩૫૦ જેટલી ગ્રામ પંચાયતો, ૧૧ નગરપાલિકા અને કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમા વસવાટ કરતા અરજદારોની અરજીઓ જિલ્લા રજિસ્ટ્રાર કચેરીમાં પેન્ડિંગ પડી છે.

પાસપોર્ટ ,નોકરી સહિતનાં કામો અટવાઇ ગયાં

જન્મના પ્રમાણપત્રમાં વિલંબને કારણે અનેક અરજદારોના મહત્વના કામો અટવાઈ રહ્યા છે. જન્મના દાખલામાં જરૂરી સુધારો સમયસર ન થતાં નવી જગ્યાએ નોકરીની નિમણૂક માટે જરૂરી દસ્તાવેજો જમા કરવામાં મુશ્કેલી ઊભી થઈ છે . તે જ પાસપોર્ટ અને વિઝા માટેનો કામગીરી પૂર્ણ કરવામાં પણ મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. પૂરાવાઓ રજૂ કરવામાં સમય આવી ગયો હોવા છતાં જન્મના દાખલામાં સુધારો બાકી હોવાથી ઘણી બધી કાર્યવાહી અટવાઈ છે. આ ઉપરાંત શાળામાં પ્રવેશ, આધારકાર્ડ અપડેટ, જાતિ અને અધિવાસના દાખલા, વારસાઈ હક્ક, પેઢીનામુ, બેંકિંગ કામગીરી, સરકારી યોજનાઓ તેમજ અન્ય અનેક જરૂરી કામો જન્મના પ્રમાણપત્ર વિના અટકી રહ્યા હોવાથી અરજદારો વારંવાર કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે.

સોલર વિલેજ ખંભોળજની કચેરીઓ વર્ષે રૂ.૧૨.૭૫ લાખ વીજ ખર્ચ બચાવશે

રાજ્ય સરકાર હસ્તકની ૨૪ સંસ્થાઓ ખાતે કુલ ૧૦૫.૯ KW ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ માટે કવાયત

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૧

આણંદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને DLC (District Level Committee) ની મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી. આ બેઠક દરમિયાન 'પી.એમ. સૂર્ય ઘર: મુફ્ત બીજલી યોજના' અંતર્ગત પસંદગી પામેલ આણંદ તાલુકાના ખંભોળજ ગામ માટે ડિટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) ને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આણંદ જિલ્લામાં તા. ૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના સમયગાળા દરમિયાન યોજાયેલ સ્પર્ધામાં સૌથી વધારે સોલર ક્ષમતા ધરાવતા ગામ તરીકે ખંભોળજની "મોડેલ સોલર વિલેજ" તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આ મંજૂર થયેલ પ્રોજેક્ટ રિપોર્ટ મુજબ, ખંભોળજ ગામના કુલ ૨૪ સરકારી તથા જાહેર વીજ જોડાણો જેવાં કે આંગણવાડી, ગ્રામ પંચાયત ઓફિસ, પ્રાથમિક શાળા, વોટર વર્ક્સ, પોલીસ સ્ટેશન અને આરોગ્ય કેન્દ્ર ખાતે કુલ ૧૦૫.૯ KW ક્ષમતાની સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજિત રૂ. ૬૦ લાખ નો ખર્ચ કરવામાં આવશે. આ સોલર સિસ્ટમ કાર્યરત થવાથી ગામને દર વર્ષે અંદાજે રૂ. ૧૨.૭૫ લાખ ની સરકારી વીજ ખર્ચમાં બચત થશે અને પર્યાવરણપૂરક ઊર્જાનો ઉપયોગ વધશે.

આ બેઠકમાં એમજીવીસીએલના અધિકારીઓ સહિત ડિસ્ટ્રીક લેવલ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225